શ્રી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ તથા ગાંધીનગર વન વિભાગના ઉપક્રમે

# ૭૦મો તાલુકા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭
શ્રી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ તથા ગાંધીનગર વન વિભાગના સંયુક્ત ઉપક્રમે '૭૦મો તાલુકા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. અધ્યાપન મંદિરનાં આચાર્ય સુરેખાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કૃષિ વિદ્યાલયના આચાર્ય નીલેષભાઈ પંચોલી, કરણભાઈ બિહોલા, ગાંધીનગર રાઉન્ડ ફોરેસ્ટર જે એન દેસાઈ, કિરણભાઈ ચૌધરી, અમિતભાઈ ચૌધરી, સુનિલભાઈ વાઘેલા, વનરક્ષકો અને એનએસએસના સ્કાઉટ્સ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહેમાનો દ્વારા વનનો મહિમા, વૃક્ષનું જીવનમાં મહત્ત્વ વગેરે અંગે સુંદર રજૂઆત કરવામાં આવી હતી. તાલીમાર્થી બહેનોએ સુંદર વૃક્ષગીતો ગાયાં અને સંસ્થાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત અધ્યાપન મંદિરમાં ડૉ. વિક્રમ સારાભાઈ જન્મજયંતી, સ્વતંત્રતા દિવસ, રક્ષાબંધન, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ તથા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# પી કે ચૌધરી કૉલેજ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૭
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે રક્ષાબંધનનું પર્વ પરંપરાગત રીતે ઉજવવામાં આવ્યું હતું.

કૉલેજના આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ ઉપસ્થિત અતિથિ ગીતાદીદી, તેજસ્વિનીદીદી, અને મમતાદીદીનો પરિચય આપી તેમનું અભિવાદન કર્યું હતું.

તેજસ્વિની દીદીએ રક્ષાબંધન પર્વની ઉજવણીનું મહત્ત્વ સમજાવી સૌને પોતાના આત્મની નબળાઈઓનો ત્યાગ કરી ઈશ્વર સાથેનો જ્ઞાનતંતુ જોડવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન, સંકલન ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે ધ્વજવંદનની અનોખી રીત




દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. શાળાનાં સૌથી જૂનાં સેવક બહેનોના હસ્તે ધ્વજવંદન કરાવીને શાળાએ એક નવું જ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શિક્ષકોએ નૃત્ય અને દેશભક્તિ ગીતો રજૂ કરીને વાતાવરણને રાષ્ટ્રભક્તિથી સભર બનાવી દીધું હતું.

# સ્વતંત્રતા દિવસ ઉજવણીમાં એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલની અફલાતૂન પરેડ



સ્વતંત્રતા દિવસની ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાની ઉજવણીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર પરેડનું નિદર્શન કરી શ્રોતાઓનાં દિલ જીતી લીધાં હતાં. ડ્રમ, ઘુઘરા, પ્લેટ્સ, સ્ટીક જેવાં વાદ્યો સાથે વિદ્યાર્થીઓએ આ પરેડ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓ તથા તાલીમ આપનાર શિક્ષક નદીમ મેમણને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે પરેડમાં અન્નપૂર્ણાબેન અડિયોલ પણ જોડાયાં હતાં. જિલ્લા વહીવટી તંત્ર તરફથી શાળાને આ સુંદર પરેડ બદલ પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવી હતી.




ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાનાં સભ્ય અને શિક્ષક કિન્નરીબેન દવે દ્વારા પોતાના પિતાની પુણ્યતિથિ નિમિત્તે પોતાનાં માતુશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર મુક્તિધામ સ્ટાફમિત્રોનાં ૧૯ બાળકોને કંપાસ, પેન, પેડ, શાર્પનર, પેન્સિલ, ઈરેઝર, વૉટર બૉટલ, કલર બૉક્સ અને ૧૦૦ રૂપિયા ભેટ આપવામાં આવ્યાં હતાં.




વાવોલ ખાતે કાર્યરત અલ્મા મેટર પ્રિસ્કૂલ ખાતે રક્ષાબંધનનું પર્વ પરંપરાગત રીતે ઉજવવામાં આવ્યું હતું. સ્કૂલનાં સૌ બાળકો ઉપરાંત શિક્ષકોએ પણ આ ઉજવણીમાં ભાગ લઈ પર્વને ઉત્સાહના રંગથી ભરી દીધું હતું.

# રક્ષાબંધને દિવ્યપથ સ્કૂલનો સામાજિક ઉપક્રમ



મેમનગર, અમદાવાદ ખાતે સ્થિત દિવ્યપથ સ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારા શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરજરત પોલીસ કર્મચારી-અધિકારીઓને રાખડી બાંધી તેમના સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓના આ સામાજિક ઉપક્રમથી પોલીસ અધિકારી-કર્મચારીઓ ખુશ થઈ ઉઠ્યા હતા અને તેમણે વિદ્યાર્થિનીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

# માતૃભાષા એટલે બાળકને માતાએ આપેલી અણમોલ ભેટ

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

શ્રીમતી મધુ મહેતા કહે છે, 'અન્ય ભાષાઓ માણસને પાંડિત્યના પાઠ જરૂર શીખવી શકે પણ નૈસર્ગિક વિકાસ તો માતૃભાષા દ્વારા જ થાય. જે બાળકે માતૃભાષાના પાઠ પાકા કર્યા જ નથી તેનામાં 'આપણાપણું' કે 'મમતા'ના ખ્યાલો કઈ રીતે આવી શકે ? બાળકને શિશુ અવસ્થાથી જ અન્ય ભાષા શિખવાડવાનો પ્રયત્ન કરવો એ તો મરુભૂમિમાં છોડ વાવવા જેવું છે.

બાળકનું મન કેટલું કોમળ ! કેટલું સંવાદાત્મક ! કેટલું સર્જનશીલ! પ્રથમ પાંચ વર્ષના અનુભવબળનું આધિપત્ય બાળકની પૂરી જિંદગી સુધી રહે છે તે તો પ્રમાણિત થયેલું તથ્ય છે... પણ જિંદગીનો આ સર્વોત્તમ તબક્કો, બાળકનું સમગ્ર જીવન 'સ્માર્ટ' બનાવવાના પ્રયત્નોમાં બાળક પાસેથી તેનું બાળપણ છીનવી લે તો તેનાથી મોટો અપરાધ કયો હોઈ શકે ? બાળકને બાળક જ રહેવા દો. માહિતીનું પોટલું બનાવવા કરતાં હસતો, ખેલતો, ગાતો, નિજાનંદમાં મસ્ત બાળક આપણને કુદરતના સર્વોત્તમ સર્જનની અનુભૂતિ નથી કરાવતો શું ?

પોપટની માફક પાઠ ગોખતો બાળક, સંવેદનશીલતાના પાઠો ભૂલી જાય તો એનો શો વાંક ?''

(રાજભાષા, ઑગષ્ટ ૨૦૦૦)

ગાંધીજી પણ કહે છે, 'મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોય માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે?'

મનુભાઈ પંચોળી પણ કહે છે કે માનું દૂધ ન ઝૂંટવી લ્યો ! ભાષા માત્ર વ્યવહારુ આપ-લે કરવાનું સાધન જ નથી. એમ હોત તો પાંચ-પચીસ હજાર શબ્દોમાં ભાષા-ભંડોળ પૂરું થઈ જાત. પણ ભાષા તે પ્રજાનાં સ્વપ્નો, તેમની જિજીવિષાનું પ્રેરણાસ્થાન અને તેમના સમાજની ચૈતસિક ચેતનાનું મૂળ સ્થાન છે.

'જનેતા' શબ્દ જે આંદોલનો જગાવશે તે 'મધર' શબ્દથી નહીં થાય. ભાષાનાં મૂળિયાં માના ધાવણ સાથે નંખાય છે. મારો કાનો, મારો રામ, મારો કમુ - આ ઉદ્‌બોધનો જે ભાવો જગાવશે તે અંગ્રેજી શબ્દો નહીં જ કરી શકે. એટલે અંગ્રેજી પરિવેશમાં ઉચરનાર બાળક અંતે ભારતીય વાતાવરણ ને ભારતીય સંસ્કૃતિમાં રહેવા છતાં તે અભારતીય રહેશે. દિલ્હી, મુંબઈ જેવાં શહેરોમાં કહેવાતા આધુનિક પરિવારોમાં ઉછરતાં બાળકોમાં આની ઝાંખી થઈ શકશે. તેમને ને તેમનાં બાળકોને અંગ્રેજિયત રીતભાત તરફનો અહોભાવ દેખાશે. તેમને મિલ્ટન કે વડ્‌ઝવર્થની કિંમત હશે તેટલી મેઘાણી, પ્રેમાનંદ કે ગંગા સતીની નહીં હોય.

મારું સ્પષ્ટપણે માનવું છે કે બાળકનો ખરો વિકાસ તો એની માતૃભાષામાં જ થશે. એ એનું જીવનસત્ત્વ છે. એની અભિવ્યક્તિનો પ્રાણ છે. બાળક અત્યંત સહજ રીતે માતૃભાષામાં જ અભિવ્યક્ત થઈ શકશે. માતૃભાષામાં એની સહજતા અને સાંવેગિકતા ખીલી ઉઠશે. પરભાષાનો ભાર એનું બાળપણ છિન્નભિન્ન કરી નાખશે. નાનપણથી જ અંગ્રેજી ભણાવી એનું બાળપણ છીનવી ન લો. ભાષાના પરિવર્તનથી એનાં જીવનમૂલ્યો અને સંસ્કારિતા પણ બદલાઈ જાય છે. નાજુક બાળકને પરભાષાનું વિષ નહીં, સ્વભાષાનું અમૃત પાવ. જોજો, ક્યાંક તમારા બાળકનું બાળપણ માતૃભાષાના અમીજળના અભિષેકથી વંચિત ન રહી જાય ! સ્નેહ, સમજ અને સૌંદર્યનો ત્રિવેણીસંગમ એટલે માતૃભાષા. શું આપણે આપણાં બાળકોમાં આવા ગુણો ખીલવવા નથી માગતા ? માતૃભાષા તો મા અને બાળક વચ્ચે પ્રેમયોગ સ્થાપતી ભાષા છે. જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે, બાળક અને શિક્ષણ વચ્ચે એકમાત્ર 'પ્રેમ' તત્ત્વનો સેતુ છે અને પ્રેમની સહજ અભિવ્યક્તિ તો માતૃભાષામાં જ થઈ શકશે. ડૉ. જયંત નારલીકરે સ્પષ્ટ કહ્યું છે કે નિરપવાદપણે એમ જોવા મળ્યું છે કે અંગ્રેજીમાં લખતાં બાળકોની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને ચોક્કસ હોય છે. ટૂંકમાં જે માબાપ હોય તે સમજે અને બાળકને માતૃભાષામાં ઉછેરે.

શરૂઆતથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. અંકુર ફૂટતાં પહેલાં જ એ મુરઝાઈ જશે. આપણા દેશની કેટલી માતાઓ ઘરમાં અંગ્રેજી બોલતી હશે ? કલ્પના તો કરો એવી માતાઓ પાસે તો બાળકને માતૃભાષામાં ઉછેર્યા સિવાય કોઈ વિકલ્પ હોઈ શકે ! માતૃભાષા જ બાળકને મૌલિકતા બક્ષે છે. માતૃભાષા એ આપણી ઓળખ છે, માનો ખોળો છે. આપણા પરમ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી શિશુ અને શૈશવાવસ્થાની વાત આ શબ્દોમાં કરે છે, 'સંસાર ઉપવનનું પવિત્ર પુષ્પ એટલે શિશુ. એમાં બાળકનાં માતાપિતા તેમ જ માનું સ્તર ધરાવતા ગુરુજનોનું પ્રદાન ઊંચેરું ગણાયું છે. આપણી ફિલોસૉફીમાં શિશુની કાળજી ગર્ભાવસ્થાથી જ લેવાય તે જરૂરી છે... અને એને જ હૂંફ અને લાગણી મળે એ થકી જ એનો જન્મ એક તંદુરસ્ત, મનદુરસ્ત અને લાગણીશીલ માનવ તરીકે થાય એવું કહેવાયું છે. શિશુના પ્રાથમિક શિક્ષણમાં તેનામાં રહેલા નિરીક્ષણ, કલ્પના અને વિચારના ભાવ ઘણો પ્રભાવક ભાગ ભજવે છે.'

શું આ બધું આપણી માતાઓ પરભાષામાં કરી શકશે ? શિશુનું મનોજગત અનંત ઉત્કંઠાઓ અને જિજ્ઞાસાઓથી ભરેલું હોય છે. એના વિસ્મયનું સમાધાન કરવા માતૃભાષા સિવાય કંઈ કામ નહીં લાગે, બીજાં બધાં સાધન બૂઠાં સાબિત થશે.

બાળક એના જીવનમાં પ્રથમ પાંચ-છ વર્ષનો મહત્તમ સમય પોતાની માતા સાથે ગાળે છે. એ દરમિયાન માતાનું ભાવવિશ્વ બાળકના ભાવવિશ્વ સાથે સંવાદિતા સ્થાપે છે. એનું માધ્યમ માતૃભાષા જ હોઈ શકે. પરભાષા તો કૃત્રિમતા સર્જે અને ભાવવિશ્વને ડહોળી નાખે.

બાળકની વકીલાત કરતાં રુડ્યાર્ડ કિપ્લિંગ કહે છે, 'મારા જીવનનાં પ્રથમ છ વર્ષ મને આપો. બાકીનાં બધાં તમે લઈ શકો છો.' આપણને અકાળે વૃદ્ધત્વ આવે તો ગમે છે ? તો બાળકને અકાળે એનું બાળપણ સરી જાય તો ગમે ?

ગુજરાતના વિખ્યાત ગઝલકાર શ્રી રાજેશ વ્યાસ (મિસ્કિન) એમની આગવી શૈલીમાં કહે છે -

કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ,

બાળકનાં પ્રથમ છ વર્ષોમાં જે આપવાનું છે, જે રીતે આપવાનું છે, જે ભાષામાં આપવાનું છે તે આપણે નથી આપતા. તેથી જ પરિણામ મળવું જોઈએ તે મળવાનું તો બાજુએ, પણકંઈ અનપેક્ષિત અને અનર્થકારી દુર્ઘટનાઓનો સરવાળો જ માત્ર થતો રહે છે.


જગતના શિક્ષણચિંતકો અને મનોવિજ્ઞાનીઓ એક સૂરમાં કહે છે, 'બાળકનો ૮૯% વિકાસ પ્રથમ છ વર્ષમાં જ થઈ જાય છે. વાત સાચી છે, અનુભૂતિની છે. એ સમયમાં એની ગ્રહણશીલ વૃત્તિ પરાકાષ્ઠાએ હોય છે. એની સંસ્કાર ગ્રહણ કરવાની ક્ષમતા પણ ઉત્કૃષ્ટ હોય છે, જો એ સંસ્કારપ્રક્રિયા માતૃભાષામાં થતી હોય તો. સમજણની માત્રા પણ આ ઉંમરમાં જ સરસ રીતે વિકસાવી શકાય છે. તેથી ખરેખર તો જેટલું મહત્ત્વ આપી સંસ્કારોનો સુદૃઢ પાયો રચવો જોઈએ તે રચવાને બદલે આપણે અક્ષરજ્ઞાન અને માહિતીની માયાજાળમાં ફસાવી દઈએ છીએ. આ નાહકની ઉતાવળ છે. જે ઉંમરમાં ૮૯% વિકાસની સંભાવના છે તેને આપણે ૧૧% મહત્ત્વ આપીએ છીએ અને જીવનના શેષ આયુષ્યમાં જ્યાં માત્ર ૧૧નો વિકાસથવાનો છે તેને ૮૯ મહત્ત્વ આપીએ છીએ !'

પ્રતિભાવ આવકાર્ય - matrubhasha.gaurav@gmail.com

# કાળો કાંઠલો

તેમનું સોગનનામું તમે રજૂ કરો તો મારે તો કંઈ કહેવાપણું નહીં રહે. હું વકીલસભાને લખી મોકલીશ કે મારાથી તમારો વિરોધ નહીં કરી શકાય.'

મને ક્રોધ આવ્યો, તે મેં રોક્યો. મને થયું, 'જો મેં અબદુલ્લા શેઠનું જ પ્રમાણપત્ર રજૂ કર્યું હોત તો તેની અવગણના થાત ને ગોરાની ઓળખાણ માગત. વળી મારા જન્મની સાથે મારી વકીલાતની લાયકાતને શો સંબંધ હોય ? હું દુષ્ટ કે કંગાળ માબાપનો દીકરો હોઉં તો મારી લાયકાત તપાસવામાં તે મારી સામે શા સારુ વપરાય?' પણ આ બધા વિચારોને રોકી મેં જવાબ આપ્યો :




'જોકે આવી હકીકત માગવાને વકીલસભાને અધિકાર છે એમ હું કબૂલ નથી કરતો, છતાં તમે ઈચ્છો છો તેવું સોગંદનામું મેળવવા હું તૈયાર છું.'

અબદુલ્લા શેઠનું સોગનનામું ઘડ્યું ને તે વકીલને આપ્યું. તેણે સંતોષ જાહેર કર્યો. પણ વકીલસભાને સંતોષ ન થયો. તેણે તો મારા દાખલ થવા સામેનો વિરોધ અદાલત આગળ રજૂ કર્યો. અદાલતે મિ.એસ્કંબનો જવાબ પણ સાંભળ્યા વિના સભાનો વિરોધ રદ કર્યો. વડા ન્યાયાધીશે કહ્યું : 'અરજદારે અસલ પ્રમાણપત્ર રજૂ નથી કર્યું એ દલીલમાં વજૂદ નથી. જો તેણે જૂઠા સોગંદ ખાધા હશે તો તેના ઉપર જૂઠા સોગનની ફોજદારી ચાલી શકશે ને તેનું નામ વકીલોમાંથી બાતલ થશે. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર